ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૦૦૦.૦૦ લાખની ધિરાણની યોજનાઓને મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:-અવક/૧૧૨૦૨૦/૪૬૪૫૨૭/જ,

સચિવાલય, ગાંધીનગર.

તા:-૧૮/03/૨૦૨૧

વંચાણમાં લીધા:-

૧. વિભાગનો તા:૦૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૦/૪૨૨૯૨/જ

૨. વિભાગનો તા.૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા.)/જ

૩. નાણાં વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: જનવ/૧૦૨૦૧૯/૪૭૪/અ

૪. ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૯/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/રાજ્ય સરકાર/૨૦૨૦-૨૧/૧૦૮૦૮

૫. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૦૯/03/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/રાજ્ય સરકાર/૨૦૨૦-૨૧/૨૦૬૩

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ, જે પૈકી ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમને રૂ.૧૦૦૦.૦૦ લાખની રકમ મળેલ છે. વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના વિભાગના તા.૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમોને વર્ષ:૨૦૧૬-૧૭માં યોજનાકીય કામગીરી માટે લોન પેટે ફાળવેલ શેરમુડીની યોજનાકીય ખર્ચની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના તા.૧૯/૦૮/૨૦૨૦ના પત્રથી અનુસૂચિત જાતિના અરજદારો માટે વર્ષ:૨૦૨૦-૨૧માં ધિરાણની યોજનાઓ બનાવી તેને કાયમી ધોરણે મંજુરી આપવા દરખાસ્ત કરેલ. જે અન્વયે ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૫ પરના તા.૦૯/03/૨૦૨૧ના પત્રથી નિગમના અધ્યક્ષશ્રી તથા વિભાગના

અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા નિગમની સીંગલ વિન્ડો સીસ્ટમથી રજુ કરવામાં આવેલ દરખાસ્તને મંજુરી આપેલ હોઇ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રજુ કરાયેલી યોજનાઓને કાયમી ધોરણે મંજુરી આપવા માટે દરખાસ્ત મોકલી આપેલ છે.

ઠરાવ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૨૦-૨૧માં અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ, જે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. આમ સદર જોગવાઇ પૈકી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના ફાળે આવેલ રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ અન્વયે અનુસૂચિત જાતિના અરજદારો માટે નીચે કોષ્ટકમાં દર્શાવેલ ધિરાણની યોજનાઓને કાયમી ધોરણે નીચે મુજબની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | ધિરાણની મહત્તમ મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૧ | સ્વરોજગારલક્ષી યોજના | રૂ.૨.૦૦ લાખ | મહિલા-૧% અને પુરૂષ-૨% સાદુ વ્યાજ |
| ૨ | વાહનની યોજના | રૂ.૧૦.૦૦ લાખ | ૩% સાદુ વ્યાજ |
| ૩ | પ્રોજેક્ટની યોજના | રૂ.૧૫.૦૦ લાખ | ૪% સાદુ વ્યાજ |

અ. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

બ. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.

ક. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

ઉક્ત યોજનાઓની શરતો:-

1. અરજદારશ્રીની ઉંમર ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની હોવી જોઈએ.
2. કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી.

3. સમયસર હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી સ્વરોજગારલક્ષી યોજનામાં ૧% અને વાહનની યોજના અને પ્રોજેક્ટની યોજનામાં ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
4. વાહનની યોજનામાં અરજદાર પાસે વાહનને અનુરૂપ પાકું લાયસન્સ/બેઝ હોવુ જોઈએ.
5. નિગમના ધિરાણથી મેળવેલ વાહન નિગમની તરફેણમાં ગીરો (હાઇપોથીકેશન) કરવાનું રહેશે.
6. ૧૦૦% ધિરાણ રાજ્ય સરકારની ગ્રાન્ટ રહેશે. કોઇપણ પ્રકારનો લાભાર્થી ફાળો લેવાનો રહેશે નહી.
7. સ્વરોજગારલક્ષીની યોજનામાં લાભાર્થીને ચુકવણું કરવુ, વાહનની યોજના અને પ્રોજેક્ટની યોજનામાં લાભાર્થીએ રજુ કરેલ ક્વોટેશન મુજબના વિક્રેતાને ચુકવણુ કરવુ.
8. ધિરાણ મેળવ્યા પછી રૂ.૨.૦૦ લાખ સુધીના ધિરાણ કેસમાં પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે અને રૂ.૨.૦૦ લાખથી ઉપરના ધીરાણમાં ૮ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૧૨/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.

6. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. સેક્શન અધિકારીશ્રી, ક, ગ, હ, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ-૨૦૨૧.